# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) દેશ સહિત વિશ્વભરમાં 12માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉત્સાહભેર ઉજવણી-પ્રધાનમંત્રી મોદીએ કોલકાતાના ઐતિહાસિક રેડ રોડ ખાતે રાષ્ટ્રીય ઉજવણીનું નેતૃત્વ કર્યું.

2) પ્રધાનમંત્રી આજે કોલકાતામાં ત્રણ સ્વદેશી નિર્મિત નૌકા જહાજો - INS દુનાગિરી, સંશોધક અને અગ્રય રાષ્ટ્રને સમર્પિત કરશે.

3) આજે NEET-UG ની પુનઃપરીક્ષા - કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે દેશના 22 લાખ 79 હજાર થી વધુ વિધ્યાર્થીઓ પરીક્ષા આપશે.

4) ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ કર્યું.

5) મહિલા T20 વિશ્વ કપ ક્રિકેટમાં, ભારત આજે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# YOGA DAY

સમગ્ર વિશ્વ સહિત દેશભરમાં આજે ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની વિષયવસ્તુ છે વધતી ઉંમરની અસરોને રોકવા માટે યોગ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતાના રેડ રોડ પર એક કાર્યક્રમમાં યોગ સત્રનું નેતૃત્વ કર્યું. આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ નોંધ્યું કે વિશ્વના કેટલાક ભાગોમાં, ૨૧ જૂન વર્ષનો સૌથી લાંબો દિવસ છે, અને યોગને કારણે, તે હવે સૌથી મોટો સમુદાય ઉજવણી બની ગયો છે.

**(BYTE – PM YOGA DAY)**

શ્રી મોદીએ કહ્યું કે યોગ આપણને સંતુલિત જીવન જીવવામાં અને માનસિક સ્વાસ્થ્ય દ્વારા શારીરિક સ્વાસ્થ્યનો માર્ગ શોધવામાં મદદ કરે છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આપણે યોગને આપણા જીવનનો ભાગ બનાવવો જોઈએ.

**(BYTE – PM YOGA BENEFITS)**

2015 માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત થઈ ત્યારથી શ્રી મોદીએ નવી દિલ્હી, ચંદીગઢ, લખનઉ, મૈસુર, ન્યુ યોર્ક, શ્રીનગર અને વિશાખાપટ્ટનમ સહિત વિવિધ સ્થળોએ ઉજવણીનું નેતૃત્વ કર્યું છે. ઘણા કેન્દ્રીય અને રાજ્ય મંત્રીઓએ પણ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો.

# PREZ - YOGA DAY – JABALPUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મધ્યપ્રદેશના જબલપુરમાં આજે યોગ દિવસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સવારે સાડા સાત વાગે સદર વિસ્તારના ગેરીસન મેદાન ખાતે યોજાયો હતો.

ત્યારબાદ રાષ્ટ્રપતિ મુર્મુ રાણી દુર્ગાવતી યુનિવર્સિટીના 36મા દીક્ષાંત સમારોહમાં પણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. રાજ્યપાલ મંગુભાઈ પટેલ પણ હાજર રહેશે.

રાષ્ટ્રપતિ આજે કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં આદિવાસી સમુદાયો, ચિત્તા સંભાળ રાખનારાઓ અને પાર્ક સ્ટાફ સાથે પણ મુલાકાત કરશે.

# YOGA DAY-WESTERN COUNTRIES

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ગઈકાલે અનેક દેશોમાં યોગનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. કેનેડાના ટોરોન્ટોમાં ઓન્ટારિયો વિધાનસભા સંકુલમાં આયોજિત કાર્યક્રમમાં સરકારના પ્રતિનિધિઓ, રાજદ્વારીઓ અને યોગ શિક્ષકોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે કેનેડામાં ભારતના મહાવાણિજ્યદુતે જણાવ્યું હતું કે યોગમાં સાંસ્કૃતિક, ભાષાકીય અને રાષ્ટ્રીય સીમાઓને પાર કરવાની અનન્ય શક્તિ છે. બ્રાઝિલમાં ભારતીય રાજદૂત દિનેશ ભાટિયાના નેતૃત્વમાં વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડેન્માર્કના રાજદૂત મનીષ પ્રભાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડેનિશ પ્રધાનમંત્રી મેટ્ટે ફ્રેડરિકસેનને લખેલો પત્ર વાંચી સંભળાવ્યો હતો. અમેરિકામાં પણ યોગ દિવસ પર લિંકન મેમોરિયલ ખાતે સેંકડો લોકો એકઠા થયા હતા.

# PM-NAVY PLATFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલકાતામાં ત્રણ સ્વદેશી નિર્મિત નૌકા જહાજો - INS દુનાગિરી, સંશોધક અને અગ્રય રાષ્ટ્રની સમર્પિત કરશે. નૌકાદળ યુદ્ધજહાજ ડિઝાઇન બ્યુરો દ્વારા વિકસિત અને ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ અને એન્જિનિયર્સ દ્વારા બનાવવામાં આવેલા આ જહાજોનો હેતુ લડાઇ કામગીરી, હાઇડ્રોગ્રાફિક સર્વે અને સબમરીન વિરોધી અભિયાનને વધારવાનો છે.

INS દુનાગિરી બ્રહ્મોસ મિસાઇલો અને મધ્યમ-અંતરની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓથી સજ્જ છે. INS સંશોધક દરિયાકાંઠા અને ઊંડા પાણીના હાઇડ્રોગ્રાફિક સર્વે કામગીરી માટે ડિઝાઇન કરેલ છે. INS અગ્રય એક સબમરીન વિરોધી યુદ્ધજહાજ છે જે દરિયાકાંઠાના સંરક્ષણ માટે ટોર્પિડો, રોકેટ લોન્ચર અને સોનાર સિસ્ટમથી સજ્જ છે. નૌકાદળે જણાવ્યું હતું કે આ જહાજો 75 ટકાથી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરાયો છે અને તેમાં 200 થી વધુ સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદના સાહસોની ભાગીદારી શામેલ છે.

# NEET – EXAM

સ્નાતક મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે NEET પરીક્ષા આજે ફરી યોજાઈ રહી છે. 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. આ પરીક્ષા દેશના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં લેવામાં આવી રહી છે. આ પરીક્ષામાં અંગ્રેજી અને 12 ભારતીય ભાષાઓમાં જવાબ આપવાના વિકલ્પો આપવામાં આવ્યા છે. પરીક્ષા અગાઉ નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTA એ ગઈકાલે એક મોક ડ્રીલ યોજી હતી. એક અહેવાલ સાંભળીએ

(VC – SAKALEEN)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# US-IRAN TALKS

અમેરિકા અને ઈરાનના પ્રતિનિધિઓ આજે વાતચીત માટે સ્વિટ્ઝર્લૅન્ડ પહોંચી રહ્યા છે. આ વાતચીત એવા સમયે થઈ રહી છે જ્યારે ઈરાને લેબનોનમાં ઇઝરાયલી હુમલાઓને કારણે હોર્મુઝ સમુદ્રધુની બંધ કરવાની જાહેરાત કરી છે. ઈરાને ચેતવણી આપી છે કે જો સંઘર્ષ બંધ નહીં થાય તો કોઈપણ પ્રગતિ પ્રાપ્ત કરવી મુશ્કેલ બનશે. દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી છે કે જો ઈરાન સાથે 60 દિવસમાં અંતિમ કરાર નહીં થાય તો જળમાર્ગ પર ટોલ લાદવામાં આવશે.

અમેરિકા પક્ષનું નેતૃત્વ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ કરી રહ્યા છે, અને ઈરાનનું નેતૃત્વ સંસદના સ્પીકર મોહમ્મદ બગેર કલિબાફ કરી રહ્યા છે. પાકિસ્તાનના પ્રધાનમંત્રી શાહબાઝ શરીફ અને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર પણ સ્વિટ્ઝર્લૅન્ડમાં રહેશે. કરાર હેઠળ અબજો ડોલરની સ્થિર ઈરાની સંપત્તિ મુક્ત કરવામાં આવશે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ અને સિક્કિમના હિમાલયી પ્રદેશોમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. ગુરુવાર સુધી આસામ અને મેઘાલયમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. 26 જૂન સુધી પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની આગાહી છે. મંગળવાર સુધી બિહાર, ઓડિશા, દરિયાકાંઠાના કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, રાયલસીમા, કરાઈકલ, કેરળ અને માહેમાં પણ ભારે વરસાદની આગાહી છે.

દરમિયાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી પૂર્વી ઉત્તરપ્રદેશ અને વિદર્ભમાં અલગ અલગ સ્થળોએ ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા વ્યક્ત કરી છે. આજે બિહાર અને તેલંગાણામાં પણ ગરમીનું મોજું આવવાની શક્યતા છે. હવામાન વિભાગે માછીમારોને આ મહિનાની 25 તારીખ સુધી બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે.

# WOMEN'S CRICKET

મહિલા T20 માં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે. મેચ ભારતીય સમય પ્રમાણે સાંજે 7 વાગે શરૂ થશે.

# CRICKET - INDIA - SRI LANKA

શ્રીલંકામાં આજે ત્રિકોણીય ક્રિકેટ શ્રેણીની ફાઇનલમાં ભારત A ટીમ શ્રીલંકા A ટીમ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે દશ વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ તેની છેલ્લી રાઉન્ડ-રોબિન મેચમાં અફઘાનિસ્તાનને હરાવીને ફાઇનલમાં પહોંચી હતી.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા  શાહ

આજના અખબારોએ વિવિધ સમાચારોને મુખ્ય સ્થાન આપ્યું છે.

- ગુજરાત સમાચાર લખે છે – બાંગ્લાદેશમાં શ્રી રામના અપમાનથી હિન્દુઓ ભડક્યા.
- નવગુજરાત સમયની હેડલાઇન છે – ઈઝરાયેલ લેબનોનમાં હુમલો ચાલુ રાખતા તંગદિલી હોર્મુઝ ફરીબંધ .
- આજે રી નીટ – સરકારની અગ્નિપરીક્ષા આ હેડલાઇન છે દિવ્ય ભાસ્કરની .
- સંદેશે – પરામણીમાં નિર્માણાધીન મંદિરની છત તુટી , ૭ ના મોતના સમાચારને મુખ્ય મથાળું બનાવ્યું છે  .